ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ક્રમાંક: પરિક્ષા/૪-અ/૨૮૯૩૪-૧/૨૦૨૩ તા. ૨૭/૧૦/૨૦૨૩

પરિપત્ર: ૨૮૦-૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણીજ્ય, વિજ્ઞાન, કાયદાશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાની સ્નાતક કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડી.૬૯ની જોગવાઈ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું થાય છે. આ એનરોલમેન્ટ ફોર્મ ભરવાની છેલ્લી તા.૨૮-૧૦-૨૦૨૩ હતી, જે હવે લંબાવીને તા.૦૭-૧૧-૨૦૨૩ કરવામાં આવે છે જે ધ્યાને લઈ ઓનલાઈન ભરીને લોક કરવા આથી જણાવવામાં આવે છે. આપની કોલેજ/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના જનરેટ થયેલ પ્રત્યેક એનરોલમેન્ટ ફોર્મ પર વિદ્યાર્થી અને સંસ્થાના વડાની સહી તથા એનરોલમેન્ટની ઓનલાઈન યાદી સાથે, તેમજ ફી ભર્યાની રસીદ તારીખ ૦૮-૧૧-૨૦૨૩ સુધીમાં કાર્યાલય પર જમા કરાવવા આથી જણાવવામાં આવે છે. આ આવેદનપત્ર ભરતાં સમયે વિદ્યાર્થીનો ABC ID ભરવો ફરજીયાત છે. જેથી જો કોઈ વિદ્યાર્થીનો ABC ID નહીં હોય અથવા ખોટો હશે તો આવેદનપત્ર સ્વીકારવામાં નહીં આવે. જેની નોંધ લઇ ઘટતી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. (વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મની નકલો કોલેજ પોતાના કાર્યાલય પર માહિતી માટે રાખી શકે છે) ત્યારબાદ મંજુર થયેલી દંડનીય ફી પ્રમાણે કાર્યવાહી કરવાની થશે.

**એનરોલમેન્ટ યાદી યુનિવર્સિટી કાર્યાલય પર જમા કરાવવા માટે નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા વિનંતી.**

1. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ વિદ્યાશાખાની કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http://efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
2. એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક (ચેક રીટર્ન થયે રૂ.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી" ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ૩૮૦૦૦૯ ના નામનો કઢાવીને મોકલી આપવાનો રેહશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)
3. વિદ્યાર્થીના એનરોલમેન્ટની યાદી જમા કરાવવા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના લેવલે કરવા વિનંતી. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા પ્રવેશ સમિતિ પાસે મેળવી લેવાની રહેશે.
4. પ્રવેશ સમિતિ દ્વારા એન્ડોર્સ થયેલ વિદ્યાર્થીઓના જ એનરોલમેન્ટ કરી શકાશે. કોઈપણ વિદ્યાર્થીનું નામ એનરોલ્મેન્ટ ફોર્મ ભરતી વખતે ઉમેરી/સુધારી શકાશે નહિ.
5. જે કોલેજો એનરોલમેન્ટ ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણી માંથી વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧.૫૦ (એક રૂપિયો ને પચાસ પૈસા) લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.
6. આ કાર્યાલયના તા. ૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક:એકે/૩૫૫૯૫/૨૦૧૬ ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફોર્મ ફી તથા એનરોલમેન્ટ ફી અલગ અલગ ડ્રાફ્ટ સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોધ લેવી

7. એનરોલમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીનું ABC ID, જન્મ સ્થળ, આધાર કાર્ડ નંબર, ધર્મ(Religion), જ્ઞાતિ(Caste), પેટા-જ્ઞાતિ(Sub-Caste), કાયમી સરનામું(Permanent Address), ઇ-મેલ આઈડી, વાલીનો મોબાઈલ નંબર (Parent's mobile number), વાલીનું ઈ-મેલ(Parent's e-mail) જેવી નવી વિગતો ભરવાની રહેશે.
8. વેબસાઈટ ઉપર વિદ્યાર્થીની અધુરી (ક્રમ ૭માં દર્શાવેલ વિગતો સિવાયની) વિગતોવાળું ફોર્મ (Annexure-૧) જનરેટ થયેલ હશે. આ ફોર્મની પ્રિન્ટ લઇ, તેમાં વિદ્યાર્થી પાસે ખૂટતી વિગતો લખાવી, વેબસાઈટ ઉપર એન્ટ્રી કરવાની રહેશે. ત્યારબાદ, સંપૂર્ણ વિગતોવાળા ફોર્મની પ્રિન્ટ (Annexure-૨) લઇ, વિદ્યાર્થિની સહી લઇ, તેના ઉપર સંસ્થાના વડાએ સહી/સિક્કા કરવાના રહેશે.
9. વિદેશી વિદ્યાર્થીઓના કિસ્સામાં ક્રમ ૭માં દર્શાવેલ વિગતો ભરવી ફરજીયાત નથી. તેમાં તેઓના ફોટોગ્રાફ અને સહી અપલોડ કરવા ફરજીયાત છે.

પરિક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/લો/એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/વડાશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તેમજ માન કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
3. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
4. પરિક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
5. ઈન્ફોર્મેશન સેન્ટર તરફ.

બિડાણ:

૧. Annexure-૧ ક્રમ ૭માં દર્શાવેલ વિગતો સિવાયનું ફોર્મ

૨. Annexure-૨ સંપૂર્ણ વિગતોવાળું ફોર્મ